ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### ભોજની શ્રી આર. બી. પટેલ વિદ્યાલયમાં ગુરુ પૂર્ણિમાની ભક્તિભાવપૂર્વક ઉજવણી



**પાદરા:** ભોજ સ્થિત શ્રી આર. બી. પટેલ વિદ્યાલય ખાતે ગુરુ પૂર્ણિમા પર્વની શ્રદ્ધા, ભક્તિ અને આદરભાવ સાથે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાના હેતુથી આયોજિત કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મહાનુભાવોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત વિદ્યાર્થીઓ દ્વારા મધુર પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ ઉપસ્થિત સી.આર.સી. શ્રી હર્ષદભાઈ પરમાર, શાળાના આચાર્ય રાજેશભાઈ અમીન તથા શિક્ષકગણના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. દીપ પ્રાગટ્ય બાદ વિદ્યાર્થીઓએ આચાર્ય, સી.આર.સી. સાહેબ અને શિક્ષકોને કુમકુમ-અક્ષતનું તિલક કરી ગુરુ વંદના અને ગુરુ પૂજન કર્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાના વક્તવ્યમાં ગુરુના જીવનમાં રહેલા મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. ધોરણ-૭ના વિદ્યાર્થીઓ દ્વારા ગુરુ મહિમા દર્શાવતા ભક્તિમય ભજનોની રજૂઆત કરવામાં આવી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણ ભક્તિભાવથી ઓતપ્રોત બની ગયું હતું.

### પાદરાના શ્રી સંતરામ મંદિરે ગુરુ પૂર્ણિમાની ભક્તિમય વાતાવરણમાં ઉજવણી કરાઇ



**પાદરા :** ગુરુ પૂર્ણિમાના પાવન અવસરે પાદરા નગર અને તાલુકામાં વિવિધ મંદિરો ખાતે ભક્તિભાવપૂર્વક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુ પૂજન, પાદુકા પૂજન, મહાઆરતી અને આશીર્વાદના કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાઈ ગુરુ પ્રત્યેની પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. પાદરાના નવાપુરા સ્થિત શ્રી સંતરામ મંદિર ખાતે ગુરુ પૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ મંદિર ખાતે ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. ભક્તોએ મંદિરના મહંત શ્રી મોહનદાસજી મહારાજનું ગુરુ પૂજન કરી સાલ ઓઢાડી સન્માન કર્યું હતું તેમજ સમૂહ પાદુકા પૂજન, ગુરુ વંદના અને મહાઆરતીમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા, પાદરા નગરપાલિકાના પ્રમુખ દીપેશ પંચાલ, મારુતિ સિરામિક્સના હિતેશ પટેલ, કારોબારી ચેરમેન સંતોષ પટેલ, માજી પ્રમુખ પરેશ ગાંધી, ભાજપ સંગઠનના કાર્યકરો, બ્રિજેશ પટેલ સહીત નગરપાલિકાના સદસ્યો તેમજ કાછીયા પટેલ પ્રગતિ મંડળ ના પ્રમુખ દિનેશભાઈ ગાંધી સહીત વિવિધ મોરચાના હોદ્દેદારો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ડભોઇમાં શ્રધ્ધા અને ભક્તિભાવ સાથે ગુરુ પૂર્ણિમા સાથે ગુરુ પૂજન કરાયુ



**ડભોઈ :** ગુરુ બ્રહ્મા.... ગુરુ વિષ્ણુ.... ગુરુ દેવો મહેશ્વર.... ગુરૂ સાક્ષાત પરબ્રહ્મ... તસ્મૈ શ્રી ગુરૂદેવ નમ: ની ભાવનાઓને વ્યક્ત કરીને ગુરૂ પૂજન કરી ગુરુની કૃપા પામવાનું મહાપર્વ એટલે ગુરુ પૂર્ણિમા આ દિવસે ડભોઇના બદ્રીનારાયણ મંદિર, સ્વામિનારાયણ મંદિર, ટીંબી ફાટક પાસે આવેલ હનુમાનજી મંદિર ખાતે તેમજ વેગા ના હનુમાન સંકુલમાં તથા તાલુકાના ચનવાડા ગામે શ્રી દાદુરામ આશ્રમ તેમજ વિવિધ ધાર્મિક સ્થળો તેમજ શાળા,કોલેજ માં ગુરુપૂર્ણિમા ના દિવસે ગુરુ પૂજન ના શ્રદ્ધાપૂર્વક વિવિધ ધાર્મિક કાર્યક્રમો સંપન્ન થયા હતા. ભારતીય પ્રણાલીકા મુજબ ગુરુ તેમના શિષ્યોને અજ્ઞાનથી જ્ઞાન તરફ અધર્મ થી ધર્મ તરફ અસત્ય થી સત્ય તરફ અને અંધકારથી પ્રકાશ તરફ જવાનો માર્ગ બતાવે છે.જ્યારે શિક્ષક તેમના શિષ્ય સમુદાયને શિક્ષણ આપે છે. જેના વડે આજીવિકાનો માર્ગ સરળ બને છે. ગુરુદ્વારા સિંચાએલા સંસ્કારોથી શિષ્યોના જીવનનું હંમેશા કલ્યાણ થાય છે. આ તમામ બાબતોને જોતા સૌના જીવનમાં ગુરૂનું સ્થાન સૌથી ઊંચું અને શ્રેષ્ઠ જ હોય છે. ડભોઇ વડોદરી ભાગોળ પાસે આવેલ બદ્રીનારાયણ મંદિરનાં મહંત ૧૦૦૮ સુદર્શનાચાર્યજી મહારાજનું તેઓના શિષ્યો અને ભક્તોએ ભક્તિભાવ અને શ્રદ્ધાપૂર્વક મંત્રોચ્ચાર સાથે પૂજન કર્યું હતું.

### ગુરુ પૂર્ણિમા નિમિત્તે પાદરાના પાતળિયા હનુમાનજી મંદિરે ભક્તિમય માહોલમાં ગુરુ પૂજનનું આયોજન



**પાદરા :** ગુરુ પૂર્ણિમાના પાવન અવસરે પાદરા નગર વિવિધ મંદિરોમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુ પૂજન, ભજન-કીર્તન અને ધાર્મિક વિધિઓમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાતા સમગ્ર વિસ્તાર ભક્તિમય બની ગયો હતો. પાદરા સ્થિત પ્રસિદ્ધ પાતળિયા હનુમાનજી મંદિર ખાતે પણ ગુરુ પૂર્ણિમાની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. મંદિર ખાતે ગુરુ પૂજન, ધાર્મિક વિધિઓ તેમજ મહાપ્રસાદના આયોજન સાથે ભક્તોએ ગુરુ પ્રત્યેની પોતાની શ્રદ્ધા વ્યક્ત કરી હતી. મંદિરના મહંત શ્રી મહાવીર મહારાજના સાનિધ્યમાં યોજાયેલા કાર્યક્રમમાં ધાર્મિક પ્રવચન અને આશીર્વચન સાથે ગુરુ મહિમાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ ભક્તોને પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગુરુ પૂર્ણિમા નિમિત્તે પાદરા તાલુકાના અનેક મંદિરોમાં દિવસભર દર્શન, પૂજન અને ધાર્મિક કાર્યક્રમો યોજાતા સમગ્ર વિસ્તારમાં આધ્યાત્મિક અને ભક્તિમય વાતાવરણ છવાઈ ગયું હતું.

### શિનોર તાલુકાના તીર્થધામોમાં ગુરુ પૂર્ણિમાની ભક્તિભાવપૂર્વક ઉજવણી



**શિનોર :** શિનોર તાલુકામાં આવેલ તીર્થ ધામો અનશુયામાતા, દત્તમંદિર, માલસર સત્યનારાયણ મંદિર, શિનોર ખોડિયાળમાતા ના મંદિર, કબીર મંદિર , કુકસ નયાકાકા ના મંદિરે ગુરુ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી. દૂર દૂર થી ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. અને પૂજા અર્ચના અને મહા પ્રસાદીનો અને ગુરુના દર્શન કરી પાવન બન્યા હતા. શિનોર રબારી વાસ મા આવેલ મેરા મેઘા ની ખોડિયાળ માતાના મંદિરે જીતુભાઇ ભુવાજી દ્વારા ગુરુપૂર્ણિમા નિમિત્તે માતા નો હોમ હવન અને જાગરિયાઓ દ્વારા રેગડી કરી માતાજી ની આરાધના કરી હતી. અને મહાપ્રસાદી નુ આયોજન કર્યું હતું. સુપ્રસિદ્ધ અનસુયા માતાના મંદિરે આજે ગુરૂ પૂર્ણિમા ના પવિત્ર દિને મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. અને માતાજીના દર્શન નો લહાવો લીધો હતો. દત્ત મંદિરે પણ ગુરુની પાદુકા પૂજન હવન આરતી નો લાભ લીધો હતો. શિનોર બસ સ્ટેન્ડ પાસે આવેલ સંત કબીર મંદિરે પણ ગુરુ પૂર્ણિમા ની ઉજવણી કરવામાં આવેલ જેમાં મોટી સંખ્યામાં કબીર પથી સેવકો ઉમટી પડ્યા હતા. અને ગુરુના દર્શન અને મહા પ્રસાદીનો લાભ લઈ ધન્ય થયા હતા.

---

**રૂ. ૩.૩૬ કરોડના પુલના કામ સામે ગ્રામજનોમાં ભારે રોષ**

## બોડેલી તાલુકાના વાટા-ખડકલા પુલનો એપ્રોચ રોડ ફરી ધોવાયો

**કોન્ટ્રાક્ટરની** કામગીરી પર ઉઠતા અનેક સવાલો



(પ્રતિનિધિ) બોડેલી, તા.29

બોડેલી તાલુકાના વાટા ખડકલા વચ્ચે નવા બનાવવામાં આવેલ પુલની કામગીરી ને લઈ અનેક સવાલો ઉઠ્યા વરસાદી ઋતુ શરૂ થતાં જ બ્રિજનો એપ્રોચ વારંવાર ધોવાઈ જતાં સ્થાનિક ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોએ આક્ષેપ કર્યા છે કે છેલ્લા ચારથી પાંચ વર્ષથી હાલાકી વેઠ્યા બાદ પણ જ્યારે બ્રિજ બન્યું છે ત્યારે પણ આ રીતની સમસ્યાઓથી હાલાકી વેઠવાનો વારો આવ્યો છે ત્યારે આટલા રૂપિયા ખર્ચ કરવાનો અર્થ શું ? સ્થાનિકોના જણાવ્યા મુજબ અંદાજિત રૂ. 4 કરોડના ખર્ચે તૈયાર કરાયેલા આ બ્રિજનો એપ્રોચ વરસાદની ઋતુ શરૂ થતાં જ ધોવાઈ ગયું જ્યારે આ પુલનું ટેન્ડર રુ - 3 કરોડ 36 લાખની માતબર રકમ વડોદરા ની ડી એમ પટેલ એજન્સી ને આપવામાં આવેલ છે અને આ રીતની કામગીરીને લઈ બ્રિજના બાંધકામની ગુણવત્તા અને કામગીરી કરનાર એજન્સી તેમજ કોન્ટ્રાક્ટરની કામગીરી સામે અનેક સવાલો ઉઠી રહ્યા થયા છે. એપ્રોચ વારંવાર ધોવાઈ જતાં આસપાસના ખેડૂતોને પોતાના ખેતરમાં તૈયાર થયેલા કેળાના પાકનું બજારમાં વેચાણ કરવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ઉપરાંત, શાળા-કોલેજે જતા વિદ્યાર્થીઓને પણ અવરજવર કરવામાં તકલીફ પડી રહી હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. સમગ્ર મામલે સંબંધિત વિભાગના અધિકારીને જાણ કરવામાં આવતા તેઓએ સ્થળની મુલાકાત લઈ સ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું. અને અધિકારીએ વહેલી તકે સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની ખાતરી આપી હતી. જોકે ગ્રામજનો હવે માત્ર આશ્વાસન નહીં પરંતુ કાયમી અને ગુણવત્તાયુક્ત ઉકેલની માંગ કરી રહ્યા છે.

## પાદરામાં ગીરવે દાગીના મામલે જવેલર્સ સામે ગુનો

**દાગીના** પરત ન આપતા જવેલર્સ સામે ફરિયાદ

(પ્રતિનિધિ) પાદરા, તા. 29

પાદરા ચોકસી બજાર વિસ્તારમાં આવેલા એક જવેલર્સ સામે ગીરવે મુકાયેલા સોના-ચાંદીના દાગીના પરત ન આપી વિશ્વાસઘાત અને ગેરકાયદેસર વ્યાજખોરી કરવાનો ગંભીર આરોપ લગાવતા પાદરા પોલીસ મથકે ગુનો નોંધાતા વેપારી વર્તુળમાં ચકચાર મચી છે.

ફરિયાદ મુજબ, નરસિંહપુરા ગામના મહેશભાઈ ઉર્ફે બકાભાઈ રમણભાઈ પઢીયારે વર્ષ 2017થી 2022 દરમિયાન પાદરાના અફીણવાળા ખાંચા નજીક આવેલી જવેલર્સની દુકાને કુલ 42.34 ગ્રામ સોનું અને 615.3 ગ્રામ ચાંદીના દાગીના ગીરવે મૂકીને તેના બદલામાં રૂ.90,700 લીધા હતા. ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે, આરોપીએ કોઈ માન્ય લાયસન્સ વગર માસિક 3 ટકા વ્યાજના દરે રૂ.1,02,600થી વધુ વ્યાજ વસૂલ્યું હતું.

ફરિયાદીનો વધુ આક્ષેપ છે કે, મુદ્દલ રકમ ચૂકવી દાગીના પરત માંગવા જતાં આરોપી વર્ષો સુધી અલગ-અલગ બહાના બતાવી ધક્કા ખવડાવતો રહ્યો. અંતે આરોપીએ દાગીના ઓગાળી નાખ્યાનો દાવો કરી, "દાગીના પરત આપવાના નથી, જ્યાં જવું હોય ત્યાં જાઓ" કહી ધમકીભર્યો જવાબ આપ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

---

**વાઘોડિયા પોલીસની કામગીરી સામે શંકાની સોય**

## નશામાં ધૂર્ત કાર ચાલકે બાઈક સવાર દંપતીને ઉડાવ્યુ, આરોપી ફરાર

**ચાર** દિવસ બાદ પણ કારચાલક પોલીસ પકડથી દૂર

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.29

આજવા વડોદરા રોડ પર જેસિંગ પુરા પાસે પોદ્દાર સ્કૂલ નજીક નાસામાં દૂર્ત કાર ચાલકે બાઈક સવાર દંપતીને પાછળથી ટક્કર મારી ત્રણસો મીટર રોડ પર ઘસેડતા સર્જાયેલા અકસ્માતની ચાર દિવસ બાદ વાઘોડિયા પોલીસ કાર ચાલકને ઝડપી પાડવા નિષ્ફળ નીવડી છે.કાર ચાલક નશામાં ધૂર્ત પોલીસ જવાન હોવાની આશંકા આથી પ્રબળ બને છે.અને પોલીસ બચાવમાં ઉતારી હોય એવી વાતને પુષ્ટી મળે છે. કારમાંથી મળેલી પોલીસ પ્લેટ પર થી સ્થાનિકોએ પહેલાજ અકસ્માત સર્જનાર પોલીસ કર્મીને પોલીસની રહેમ નજરો વચ્ચે ઘટના સ્થળે થી ભગાડી દીધો હોવાની પ્રબળતાઓ વચ્ચે પોલીસની કામગીરી સામે ઘટના સ્થળેજ આક્ષેપો ઉઠ્યા હતા.આજવા રોડ સાઈ વિલા સોસાયટી અને પોદ્દાર સ્કૂલ વચ્ચે 26 જુલાઈના રોજ રાતે નવ વાગે ભયંકર અકસ્માત સર્જાતા સયાજીપુરા નવીનગરીમાં રહેતા વિનોદ ભાઈ ગુલાબ ભાઈ નાયક અને તેમની પત્નિ દીપિકા બેન ઘાયલ થયા હતા. બાઈકને પાછળ થી ટક્કર મારી કાર ચાલકે નશામાં ત્રણસો મીટર સુધી ઢસડી ગયા હતા. હ્યુન્ડાઈ અલ્કજરા કાર નંબર GJ06 PR 2826 ના કાર ચાલકે બાઈક ચાલક સાથે અકસ્માત નશાની હાલતમાં સર્જી પોલીસ અને પબ્લિક વચ્ચેની બોલાચાલીમાં આરોપી ભાગી ગયો હતો.અકસ્માત સમયે કારની તલાશી લેતા ગાડીમાંથી દારૂની બ્લાઈન્ડ વિસ્કીની બોટલ અને પત્તા-પાના પણ મળી આવતા સ્થાનિકોએ મોબાઈલમાં વીડિયો ઉતારી વાયરલ કર્યો હતો. સૌથી ગંભીર આક્ષેપ એ છે કે આ કારમાંથી મળેલ પોલીસ લખેલી પ્લેટથી ચાલક અન્ય કોઈ નહીં પરંતુ પોલીસ કર્મચારી હોવાની આશંકા સ્થાનિકોમાં ઉઠી હતી.

## છોટાઉદેપુરમાં રેડ એલર્ટ વચ્ચે NDRF તૈનાત

**30 જવાનો,** ચાર બોટ અને આધુનિક રેસ્ક્યૂ સાધનો સાથે બોડેલીમાં સ્ટેન્ડબાય



(પ્રતિનિધિ) બોડેલી, તા. 29

છોટાઉદેપુર જિલ્લામાં ભારે વરસાદની આગાહીના પગલે વહીવટી તંત્ર સજ્જ બોડેલી ખાતે NDRFની ટીમ તૈનાત હવામાન વિભાગ દ્વારા છોટાઉદેપુર જિલ્લામાં આગામી ૩૦ અને ૩૧ જુલાઈ 'રેડ એલર્ટ' બોટ અને આધુનિક રેસ્ક્યૂ સાધનો સાથે NDRFના ૩૦ જવાનોની ટુકડી બોડેલી પહોંચી છોટાઉદેપુરઃ ૨૯ જુલાઇઃ- હવામાન વિભાગ દ્વારા છોટાઉદેપુર જિલ્લામાં આગામી તા.૩૦ અને ૩૧ જુલાઈ દરમિયાન ભારેથી અતિભારે વરસાદની આગાહી સાથે 'રેડ એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે. જેને પગલે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંભવિત આપત્તિ સામે પૂર્વતૈયારીના ભાગરૂપે તમામ જરૂરી સુરક્ષાત્મક પગલાં લેવામાં આવ્યા છે. જિલ્લાના નીચાણવાળા તેમજ જોખમી વિસ્તારોમાં કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે બોડેલી ખાતે NDRF નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સની ટુકડીને તૈનાત કરી દેવામાં આવી છે.

### ગુરુ પૂર્ણિમા નિમિત્તે પાદરા ગાયત્રી શક્તિપીઠ મંદિરે ગુરુ પૂજન યોજાયું

**પાદરા :** ગુરુ પૂર્ણિમાના પાવન અવસરે પાદરા નગર માં ભક્તિભાવપૂર્વક વિવિધ ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી. વિવિધ મઠ-મંદિરો અને ગુરુગાદીઓ ખાતે ગુરુ પૂજન, હવન, મહાઆરતી અને સત્સંગના કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. પાદરા સ્થિત ગાયત્રી શક્તિપીઠ મંદિર ખાતે ગુરુ પૂર્ણિમા નિમિત્તે વિશેષ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મંદિર ખાતે વૈદિક મંત્રોચ્ચાર સાથે હવન, ગુરુ પૂજન અને ભવ્ય મહાઆરતી યોજાઈ હતી. કાર્યક્રમમાં ભક્તોએ મોટી સંખ્યામાં હાજરી આપી ગુરુ પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે પાદરાના ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા, ગાયત્રી શક્તિપીઠ મંદિરના ટ્રસ્ટીગણ ઉપસ્થિત રહ્યા હતા.

---

## સાવલીના ભીમનાથ મહાદેવ ખાતે ગુરુપૂર્ણિમાની ભવ્ય રીતે ઉજવણી

**ગુરુદર્શન** અને ગુરુકૃપા માટે દેશ-વિદેશના ભક્તો ઉમટી પડ્યા



(પ્રતિનિધિ) સાવલી, તા. 29

"સુખ ચાહો તો સુખ દો" અને "સત્ય સંકલ્પનો દાતા ભગવાન" જેવા દિવ્ય ઉક્તિઓથી વિશ્વભરમાં અસંખ્ય ભક્તોના હૃદયમાં સ્થાન પામેલા સંતશિરોમણિ પરમ પૂજ્ય સ્વામીજી સાવલીવાળાની કર્મભૂમિ તેમજ પૂજ્ય ગેબીનાથ દાદાની જીવંત સમાધિથી પાવન બનેલા અતિ પૌરાણિક શ્રી ભીમનાથ મહાદેવ મંદિર, સાવલી ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવ ભક્તિ, શ્રદ્ધા અને દિવ્યતા સાથે અત્યંત ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. ભારતીય સંસ્કૃતિમાં ગુરુપૂર્ણિમાનું પર્વ ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા, શ્રદ્ધા અને સમર્પણની ભાવના વ્યક્ત કરવાનો પાવન અવસર માનવામાં આવે છે. માનવજીવનને પરમ સત્યનું જ્ઞાન, સદ્ માર્ગનું માર્ગદર્શન અને આધ્યાત્મિક ઉર્ધ્વગતિ માટે આશીર્વાદ પ્રદાન કરી જીવને શિવ તત્ત્વ સાથે જોડવાનો માર્ગ દર્શાવનાર સદ્ ગુરુ પ્રત્યે અહોભાવ વ્યક્ત કરવાનું આ પવિત્ર પર્વ છે.

ગુરુપૂર્ણિમા નિમિત્તે દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં સ્વામીભક્તો વહેલી સવારથી જ ગુરુદર્શન અને ગુરુકૃપાનો લાભ મેળવવા ભીમનાથ મહાદેવ ખાતે ઉમટી પડ્યા હતા.

### નારેશ્વરમાં ઉમટ્યો ભક્તિસાગર, 'યોગીરાજ રંગ અવધૂત' ફિલ્મની ઝલક આકર્ષણનું કેન્દ્ર

(પ્રતિનિધિ) કરજણ, તા.29

આજે ગુરુ પૂર્ણિમાના પવિત્ર અવસરે, કરજણ તાલુકાના નર્મદા નદીના કિનારે આવેલું પવિત્ર તીર્થધામ નારેશ્વર, ભક્તોના કીડિયારાથી ઉભરાઈ રહ્યું હતું. શ્રી રંગ અવધૂત મંદિરે હજારોની સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા, આજના યુગમાં, જ્યારે સમાજને વિપરીત દિશામાં દોરી જતી ફિલ્મો અને સિરીઝનો પ્રવાહ ચારે બાજુ વહી રહ્યો છે, ત્યારે સમાજને સાચા મૂલ્યો, સકારાત્મક હૂંફ અને માનવતાના અનંત વિચારો પ્રદાન કરનારી, તેમજ એકબીજામાં દેવદ્રષ્ટિ જોતા શીખવનારી એક અનોખી પહેલ થઈ રહી છે. નારેશ્વરના સંત શ્રી રંગ અવધૂત મહારાજના જીવન કવન પર આધારિત ફિલ્મ 'યોગીરાજ રંગ અવધૂત' એક નવી પેઢી માટે આધ્યાત્મિક ક્રાંતિ લાવવા સજ્જ છે.

**ગુરુપૂર્ણિમાએ સેવા, શિસ્ત અને સંસ્કારનો અનોખો સંગમ**

## પાલા ગામે દર્શન પહેલાં શ્રમદાન, પછી જ રણછોડરાયના દર્શન



(પ્રતિનિધિ) નસવાડી, તા.29

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકાના પાલા ગામે આવેલ શ્રી રણછોડરાય ભગવાનના મંદિરમાં વર્ષોથી ચાલી આવતી અનોખી પરંપરા આજે પણ યથાવત્ જળવાઈ રહી છે. અહીં ગુરુપૂર્ણિમા સહિતના ધાર્મિક પ્રસંગોએ માત્ર દર્શન માટે આવવું પૂરતું નથી, પરંતુ મંદિર દ્વારા નક્કી કરાયેલા નિયમોનું પાલન કરનાર ભક્તોને જ મંદિરમાં પ્રવેશ આપવામાં આવે છે.

મંદિરના સંત મૌનમુનિ મહારાજ દ્વારા ધાર્મિક જીવન સાથે શિક્ષણ, શિસ્ત અને સેવા ભાવનાને પ્રોત્સાહન મળે તે માટે વિશેષ નિયમો બનાવવામાં આવ્યા છે. મંદિરમાં આવનાર ભક્તોએ સૌપ્રથમ મંદિર પરિસરમાં શ્રમદાન કરવું જરૂરી છે. સામાન્ય ભક્ત હોય કે કોઈ જનપ્રતિનિધિ, મંત્રી કે ધારાસભ્ય - દરેક માટે નિયમ એકસરખો છે. મંદિરની અંદર સેવા અને શ્રમદાન કર્યા પછી જ દર્શનનો લાભ મળે છે.

ગુરુપૂર્ણિમાના પાવન અવસરે મહિલાઓ માટે પણ એક વિશેષ પરંપરા જોવા મળી. જેમ શાળાના વિદ્યાર્થીઓ શિક્ષક દ્વારા અપાયેલ પાઠનું લેશન કરીને આવે છે, તેવી જ રીતે બહેનોએ મંદિરના મહારાજ દ્વારા આપવામાં આવેલા શ્લોકો અને મંત્રોનું લેશન તૈયાર કરીને રજૂ કર્યું. બહેનોએ "ૐ નમઃ શિવાય", ગાયત્રી મંત્ર સહિત વિવિધ વૈદિક મંત્રો સુંદર હસ્તાક્ષરમાં લખીને અને યાદ કરીને રજૂ કર્યા. યોગ્ય રીતે લેશન પૂર્ણ કરનાર બહેનોને જ મંદિરમાં પ્રવેશ આપવામાં આવ્યો.

આ અનોખી પરંપરાના કારણે આદિવાસી વિસ્તારમાં ધાર્મિક આસ્થા સાથે શિક્ષણ, સંસ્કાર, શિસ્ત અને સેવા ભાવનાનો સુંદર સમન્વય જોવા મળે છે. બાળકોની જેમ મોટા લોકો પણ પાઠ શીખે, મંત્રો યાદ કરે અને ધાર્મિક જ્ઞાન મેળવે તેવો ઉત્તમ સંદેશ આ મંદિર આપી રહ્યું છે.

---

**ચાવી ગુમ હોવાનો દાવો; આપના નેતાએ રાજકીય ભેદભાવના આક્ષેપો કર્યા**

## છોટાઉદેપુર જિલ્લા પંચાયતમાં વિપક્ષના નેતાની ચેમ્બર મુદ્દે વિવાદ

**જિલ્લા** પંચાયતની સામાન્ય સભા પહેલાં ચેમ્બર મુદ્દે રાજકીય ગરમાવો




(પ્રતિનિધિ) નસવાડી, તા.29

છોટાઉદેપુર જિલ્લા પંચાયતમાં સત્તા પરિવર્તન બાદ હવે વિપક્ષના નેતાને ચેમ્બર ફાળવવાના મુદ્દે વિવાદ સર્જાયો છે. વિપક્ષના નેતા તરીકે નિમાયેલા આમ આદમી પાર્ટીના રાજેશભાઈ લગામીને હજુ સુધી કાર્યાલયનો ચાર્જ મળ્યો નથી. જિલ્લા પંચાયત દ્વારા ચેમ્બર ફાળવવામાં આવ્યો હોવાનું જણાવવામાં આવ્યું છે, પરંતુ તે ચેમ્બરની ચાવી ઉપલબ્ધ ન હોવાથી તેઓને ચેમ્બરનો ઉપયોગ કરી શકતા નથી. આ સમગ્ર મામલે રાજકીય ચર્ચાઓ તેજ બની છે. તાજેતરમાં યોજાયેલી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપે 19 બેઠકો સાથે બહુમતી મેળવી જિલ્લા પંચાયતની સત્તા સંભાળી છે, જ્યારે આમ આદમી પાર્ટીએ 13 બેઠકો જીતતા મુખ્ય વિપક્ષ તરીકે સ્થાન મેળવ્યું છે. ભાજપ દ્વારા પ્રમુખની પસંદગી ઉપરાંત વિવિધ સાત સમિતિઓના ચેરમેનની પણ નિમણૂક કરવામાં આવી છે. આમ આદમી પાર્ટીએ છોટાઉદેપુર તાલુકાની બેઠક પરથી ચૂંટાયેલા જિલ્લા પંચાયત સભ્ય રાજેશભાઈ લગામીને વિપક્ષના નેતા તરીકે નિયુક્ત કર્યા છે. જિલ્લા પંચાયતમાં વર્ષોથી વિપક્ષના નેતાને અલગ ચેમ્બર ફાળવવાની પરંપરા ચાલી આવી છે. જોકે આ વખતે ચેમ્બર ફાળવાયો હોવા છતાં તેની ચાવી ગુમ હોવાનું કારણ દર્શાવવામાં આવતાં વિપક્ષે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે. વિપક્ષના નેતા રાજેશભાઈ લગામીનો આક્ષેપ છે કે જિલ્લા પંચાયતનું નવું શાસન આવ્યા બાદથી વિપક્ષને પૂરતી સુવિધાઓ આપવામાં આવતી નથી અને શરૂઆતથી જ દબાણનું વાતાવરણ ઉભું કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તેમણે આ અંગે જિલ્લા પંચાયતના પ્રમુખ, જિલ્લા વિકાસ અધિકારી (DDO) તેમજ સંબંધિત અધિકારીઓ સમક્ષ લેખિત અને મૌખિક રજૂઆત કરી હોવાનું જણાવ્યું છે.

## બગલિયામાં ૧.૨૫ લાખ લિટરનું પ્રોજેક્ટ હૃદય'થી બન્યું જળ કુંડ

**જળ** સંરક્ષણ તરફ બગલિયાની મોટી પહેલ, પાંચ જળ કુંડનું નિર્માણ પૂર્ણ



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા. 29

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકા હેઠળ આવતી બગલિયા ગ્રામ પંચાયત વિસ્તારમાં જળ સંરક્ષણને વેગ આપવા અને ખેતી ક્ષેત્રે ટકાઉ વિકાસ સાધવાના ઉદ્દેશ્ય સાથે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. એલ.આઈ.સી. હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (LIC HFL) ના સીએસઆર (CSR) ઉપક્રમે અમલમાં મુકાયેલા 'પ્રોજેક્ટ હૃદય' અંતર્ગત દીપક ફાઉન્ડેશન દ્વારા બગલિયા ગ્રામ પંચાયતમાં તબક્કાવાર ૧,૨૫,૦૦૦ લીટરની વિશાળ ક્ષમતા ધરાવતા જળ કુંડનું નિર્માણ કરવામાં આવ્યુ છે.

દીપક ફાઉન્ડેશનના પ્રતિનિધિના જણાવ્યા અનુસાર ચોમાસા દરમિયાન પડતા વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ થાય માટે જળ કુંડ અત્યંત ઉપયોગી સાબિત થશે. જળ સંચય થવાથી સ્થાનિક ખેડૂતોને ઉનાળાની મુશ્કેલ ઋતુમાં પણ સિંચાઈ માટે પર્યાપ્ત પ્રમાણમાં પાણી ઉપલબ્ધ રહેશે. જેના સીધા પરિણામે કૃષિ ઉત્પાદકતામાં વધારો થશે, પાક નિષ્ફળ જવાનું જોખમ ઘટશે અને પાણીના ક્ષમતાપૂર્વકના ઉપયોગને પ્રોત્સાહન મળશે.

### ગૌરીવ્રતે પાવડા શાળાના વિદ્યાર્થીઓને પૌષ્ટિક નાસ્તાનું વિતરણ

**પાદરા :** ગૌરીવ્રતના પાવન અવસરે શ્રી મહાકાલ સેના સેવા ટ્રસ્ટ તેમજ શ્રી ભેસાસુર મહારાજ પરિવાર દ્વારા સેવાકીય પ્રવૃત્તિ અંતર્ગત પાવડા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને પૌષ્ટિક નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓને કેળાની વેફર, ડ્રાયફ્રુટ તેમજ તાજા કેળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય કાર્યનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં પૌષ્ટિક આહાર પ્રત્યે જાગૃતિ લાવવાનો તેમજ ગૌરીવ્રતના પાવન પર્વે સેવા અને પરોપકારની ભાવનાને પ્રોત્સાહન આપવાનો હતો. શ્રી મહાકાલ સેના સેવા ટ્રસ્ટના પ્રમુખ અલ્પેશસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, સમાજમાં સેવાભાવ જળવાઈ રહે અને બાળકોના ચહેરા પર સ્મિત ફેલાય તેવા ઉદ્દેશ્ય સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.